**સ્પેશયલ દિવાની મુકદમા નં. ૨૬/૨૦૨૪**

## વાદી ની આંક : ૫ ની કામચલાઉ મનાઈ હુકમ માટે ની અરજી લગત હુકમ :–

(૧) વાદીએ હાલનો આ દાવો મનાઈ હુકમ મેળવવા માટે તથા જ્ઞાપન મેળવવા માટે તેમજ નુકશાન વળતર મેળવવા માટે હાલનો દાખલ કરેલો છે. વાદી નો દાવો દાખલ થતા આ કામના પ્રતિવાદીઓને નોટીસ તથા સમન્સ કરવાનો હુકમ કરવામાં આવેલ છે અને આ દાવના કામે પ્રતિવાદીઓને દાવાનો સમન્સ તથા નોટીસ ની બજવણી થતા હાજર થયેલા છે અને પ્ર.વાદી નં. ૧ ધ્વારા દાવાના કામે કોઈ જવાબ રજુ કરવામાં આવેલ નથી જયારે પ્ર.વાદી નં. ૨ થી ૫ ધ્વારા જવાબ રજુ કરવામાં આવેલ છે.

(૨) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી સંસ્થાએ એક સામાજીક સંસ્થા છે અને અમારા સિંધી સમાજના ઉત્કર્ષ માટેનુ કામ કરે છે અને શાળા, સ્કુલ તથા સમાજવાડી ચલાવવાનુ કામ કરે છે. અમો આ દાવામાં સહી કરનાર વાદી સંસ્થાના હાલના પ્રમુખ દરજજે કાર્યરત છીએ અને વાદી સંસ્થાના પ્રમુખ દરજજે સદર દાવો લાવવા અમોને દરેક રીતે હકક, અધિકાર અને સત્તા આપવામાં આવેલ છે. આ કામના પ્રતિ.ઓ પૈકી પ્રતિ.નં. ૧ – વેરાવળ–પાટણ સંયુકત નગરપાલીકા છે જેનો વહીવટ ચીફ ઓફીસર દ્ધારા કરવામા આવે છે. પ્રતિ નં. ૨ – તે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધીકારી તરીકે ફરજ બજાવે છે. પ્રતિ નં. ૩ – તે તાલુકા પ્રાથમિક શિક્ષણાધીકારી તરીકે ફરજ બજાવે છે. પ્રતિ નં. ૪ – તે સ્કુલ મેનેજમેન્ટ કમીટી, કૃષ્ણનગર પ્રાથમિક શાળાના અધ્યક્ષ તરીકે ફરજ બજાવે છે તેમજ પ્રતિ નં. ૪ – તે કૃષ્ણનગર પ્રાથમિક શાળા– વેરાવળના આચાર્ય તરીકે ફરજ બજાવે છે. ગુજરાત રાજયના ગીર–સોમનાથ (જુના જુનાગઢ ) જિલ્લાના વેરાવળ તાલુકાના વેરાવળ શહેરમાં આવેલ રે. સર્વે નં. ૧૫૩૭ વાળી વિશાળ જમીનમાંથી ૨૫૨૭–૭૦ ચો.વાર. ખુલ્લી જમીન સીધી સ્કુલ બનાવવા માટે અમો વાદી સંસ્થાને સરકારશ્રી તરફથી માલીકી દરજજે આપવામાં આવેલ અને તે અંગેની વેરાવળના ગામ નમુના નં. ૬ – હકકપત્રકમાં નોંધ નં.૧૭૫૯, તા. ૫–૭–૧૯૬૨ થી થયેલ છે. સદર જગ્યામાં અમો વાદી સંસ્થા તરફથી સિંધી સ્કુલ ચલાવવામાં આવતી હતી. ત્યારબાદ, સદરહું અમારી સિંધી સ્કુલ વાળી મિલ્કતની ઉતર તથા પશ્ચિમ દિશાએ

આવેલ ખુલ્લી જમીન ચો.મી. ૮૪૬–૧૭ અમો વાદી સંસ્થાએ વેરાવળ–પાટણ સંયુક્ત નગરપાલીકા પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ અનુ.નં. ૧૯૨૬, તા. ૧૪/૦૮/૧૯૮૦ ની વિગતે વેંચાણ રાખેલ છે. સદરહું સમગ્ર જમીન ઉપર અમો વાદી સંસ્થાએ સ્કુલ ચલાવવા માટે જરૂરી બાંધકામ કરવા તેમજ હયાત બાંધકામમાં ફેરફાર કરવા વેરાવળ–પાટણ સંયુક્ત નગરપાલીકામાંથી ધોરણસર બાંધકામ મંજુરી મેળવેલ છે અને તે અંગેના નકશા પણ સક્ષમ અધિકારીશ્રીએ મંજુર કરેલ છે. સદરહું મિલ્કતમાં અમો વાદી સંસ્થા – સિન્ધી જનરલ પંચાયત – વેરાવળ સંચાલીત સ્કુલ – સ્વામી શાંતી પ્રકાશ સીધી હાઈસ્કુલ – વેરાવળ નામથી શાળા પણ ચાલતી હતી અને તે અંગેની ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરમાં નોંધણી પણ કરાવેલ હતી. અને આમ આ મિલ્કતમાં આ કામના પ્રતિવાદીઓને કોઈપણ જાતનુ લાગતુ વળગતુ ન હોવા છતા આ કામના પ્રતિ.નં. ૫ – આચાર્ય, કૃષ્ણનગર પ્રા. શાળા– વેરાવળએ આ કામના પ્રતિ.નં. ૧ ચીફ ઓફીસરશ્રી, વે.પા. સંયુક્ત નગરપાલીકા, વેરાવળને તા.૦૯/૦૭/૨૦૨૪ ના રોજ પત્ર લખી ખડખડ વેરાવળ વિસ્તારમાં આવેલી કૃષ્ણનગર પ્રાથમિક શાળાનુ મકાન તેમજ શાળા કમ્પાઉન્ડમા આવેલ અન્ય સિંધી શાળાનુ મકાન અતિ જર્જરીત હાલતમાં હોવાનુ જણાવી જર્જરીત મકાનના ડીમોલેશન બાબતે જણાવેલ. તેમજ આજ વિગતો આ કામના પ્રતિ.નં. ૩ – તાલુકા પ્રાથમિક શિક્ષણાધીકારી, વેરાવળએ આ કામના પ્રતિ.નં. ૧ – ચીફ ઓફીસરશ્રી, વે.પા. સંયુકત નગરપાલીકા, વેરાવળને તેજ દિવસે એટલે કે તા.૦૯/૦૭/૨૦૨૪ ના રોજ પત્ર લખી – વેરાવળ સિંધી સમાજની જગ્યા તરીકે ઓળખાતી મિલ્કતનો જુમલો (ઈમલો) તાત્કાલીક અસરથી દુર કરવા બાબતે જણાવેલ. ત્યારબાદ આ કામના પ્રતિ.નં. ૧ – ચીફ ઓફીસરશ્રી વેરાવળ–પાટણ સંયુકત નગરપાલીકા દ્વારા તા. ૨૬/૦૭/૨૦૨૪ ના પત્રથી આ મિલ્કતની માલીકી તથા કબજા અંગે કોઈપણ જાતની ખરાઈ કર્યા વગર જ આ ઈમારતો પાડી નવી સરકારી શાળા બનાવવા માટે આ જગ્યા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રીને ફાળવી દેતો પત્ર લખવામાં આવેલ. ત્યારબાદ, અમારી પ્રમાણીક જાણકારી મુજબ આ કામના પ્રતિ.નં. ૧ – ચીફ ઓફીસરશ્રી વેરાવળ–પાટણ સંયુકત નગરપાલીકા દ્વારા લેખીત પત્રથી આ ઈમારત (મકાન) દુર કરવાના માલ–મટીરીયલ્સ સાથે લઈ જવાના ભાવો મંગાવી ડીમોલેશનનો ચાર્જ પણ નક્કી કરવામાં આવેલ અને તે અંગેની જાણ આ કામના પ્રતિ. નં. ૩ – તાલુકા પ્રાથમિક

શિક્ષણાધીકારી– વેરાવળને કરેલ. ત્યારબાદ આ કામના પ્રતિ.નં. ૪ – અધ્યક્ષ સ્કુલ મેનેજમેન્ટ કમીટી, કૃષ્ણનગર પ્રાથમિક શાળા તથા આ કામના પ્રતિ.નં. ૫ – આચાર્ય, કૃષ્ણનગર પ્રાથમિક શાળા – વેરાવળએ સદર કૃષ્ણનગર પ્રાથમિક શાળાના રૂમ નંગ–૪ નો વર્કઓર્ડર ખંધા સતાર લતીફભાઈને તા. ૨૯/૦૮/૨૦૨૪ ના રોજ આપવામાં આવેલ. જયારે હકીકતે આશરે દશેક જેટલા રૂમો ઉતારી લીધેલ છે. ત્યારબાદ સદરહું અમો વાદી સંસ્થાની મિલ્કતમાં પ્રતિવાદીઓએ ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી જે.સી.બી. જેવા મશીનો મારફત આશરે દસેક જેટલા રૂમો ઉતારી લઈ મોટાપાયે તોડફોડ કરી અમારી સદર મિલ્કતમાં રહેલ કિંમતી ચીજ–વસ્તુઓ તથા સ્કુલનુ ફર્નીચર, સ્કુલનો રેકોર્ડ, સદર મિલ્કતના તમામ દસ્તાવેજો વિગેરે સદર જગ્યાએથી લઈ ગયેલ છે. આમ, આ કામના પ્રતિવાદીઓ અંદરો અંદર મીલાપીપણા માં જઈ વાદી સંસ્થાના કબજા, ભોગવટા અને માલીકીની સદર મિલ્કતમાં વાદી સંસ્થાએ કરેલ બાંધકામમાં તોડફોડ કરી તેમા રહેલ કિંમતી ચીજ–વસ્તુઓ તથા સ્કુલ રેકર્ડ તેમજ મિલ્કતના દસ્તાવેજો લઈ જઈ સદર જગ્યાનો અનઅધિકૃત કબજો કરવા પ્રયત્નો કરેલ હોય, આ કામના પ્રતિવાદીઓ સામે હાલનો આ દાવો લાવવા ફરજ પડેલ છે.

(૩) વાદીએ તેમના દાવાના સમર્થન માં દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે જે વંચાણે લેવામાં આવેલ છે તેમજ પંચરોજકામ કરવામાં આવેલ છે તે વંચાણે લેવાામાં આવેલ છે.

(૪) આ કામના પ્ર.વાદી નં. ૨ થી ૫ ધ્વારા જવાબ રજુ કરવામા આવેલ છે તે વંચાણે લેવામાં આવે તો, ગામ નમુના નં. ૬ (હકકપત્રક) માં નોધ નં. ૧૭૫૯, તા. ૫–૭–૬૨ થી પડેલ નોંધ મુજબ ગુજરાત સરકારના રેવન્યુ અને એગ્રીકલ્ચર ડીપાર્ટમેન્ટ તરફથી આ જમીન ડીસ્ટ્રીકટ સ્કુલ બોર્ડ ને આપવામાં આવેલ છે. આમ જે જમીન સરકારશ્રીની માલીકીની છે તે જમીન જિલ્લા સ્કુલ બોર્ડને કોઈપણ જાતના પ્રિમીયમ વગર આપવામાં આવેલ છે. વાદીને કોઈ માલીકી હકક આપવામાં આવેલ નથી. આમ, ગુજરાત સરકારના રેવન્યુ ડીપાર્ટમેન્ટ તરફથી આ જમીન જિલ્લા સ્કુલ બોર્ડને આપવામા આવેલ હોય ગુજરાત સરકાર પણ મહત્વના પક્ષકાર છે અને વાદીએ ગુજરાત સરકારને પક્ષકાર તરીકે જોડેલ નથી. જેથી આ દાવાને નોન–જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીઝનો બાધ નડે છે. જેથી દાવો રદ થવાને પાત્ર છે.

જિલ્લા સ્કુલ બોર્ડ ઓફ જુનાગઢને ફાળવવામાં આવેલ સર્વે નં. ૧૫૩૭ પૈકી૧ પૈકી૧ માંથી ૨૫૨૭–૭ ચો.વાર જગ્યા ફ્રી રેવન્યુ વેલ્યુ તરીકે ફાળવેલ હોય આ જગ્યામાં સરકારશ્રીની માન્યતા પ્રાપ્ત કોઈપણ શૈક્ષણિક સંસ્થા અભ્યાસની પ્રવૃતિ કરાવી શકે. આ કેસમાં ૨૦૦૨ માં કૃષ્ણનગર પ્રાથમિક શાળા તરીકે સરકારી શાળા ચાલુ કરાવામાં આવેલ છે. આ શાળામાં સરકારશ્રી દ્વારા ભરતી કરાયેલ શિક્ષકો ફરજ બજાવે છે. આ સરકારી શાળા વર્ષ ૨૦૦૨ થી આ જગ્યા પર કાર્યરત છે. સરકારશ્રીએ વિવાદવાળી જમીન વાદીને સોપી જ નથી. ડીસ્ટ્રીકટ સ્કુલ બોર્ડ– જુનાગઢને સોંપી છે અને તે સેમી ગવર્નમેન્ટ બોડી છે. આ જગ્યા પર જિલ્લા શિક્ષણ બોર્ડને (જિલ્લા શિક્ષણ સમિતિ) હસ્તકની અન્ય માધ્યમની જેમ સિંધી માધ્યમની સરકારી શાળા કાર્યરત હતી તેમજ સિંધી માધ્યમના બાળકોની સંખ્યા ઓછી થતા આજ જગ્યા પર સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા તા.૧૯/૦૬/૨૦૦૨ થી આ વિસ્તારના ગુજરાતી માધ્યમના બાળકોની જરૂરીયાતને ધ્યાને લઈ ગુજરાતી માધ્યમની સરકારી શાળા કાર્યરત છે. તે સંજોગોમાં વાદી ના દાવા ના કામે કોઇ મનાઇહ હુકમ મળવાપાત્ર નથી. પ્રતિવાદી ધ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવેલ છે.

(૫) વાદી ની આંક ૫ ની અરજી લગત વાદીના વિધ્વાન વકીલશ્રી ને તથા પ્ર.વાદીઓ તર્ફે વિધ્વાન વકીલશ્રી નાઓને સાંભળવામાં આવેલ છે તેમજ પ્ર.વાદી નં. ૨ થી ૫ નાઓએ રજુ કરેલ લેખીત દલીલો ના મુદાઓ ધ્યાને લેવામાં આવેલ છે. આંક ૫ નો ન્યાય નિર્ણય કરવા માટે નીચે મુજબ ના મુદાઓ કાઢવામાં આવેલ છે.

**–:: મુદાઓ ::–**

(૧) શું વાદી નો પ્રથમર્દશનીચ કેસ છે ?

(૨) શું વાદી ને મનાઇ હુકમ આપવામાં ન આવે તો, વાદી ને નાણાથી પણ ભરપાઇ ન થઇ શકે તેવુ નુકશાન થાય તેમ છે. ?

(૩) શું બેલેન્સ ઓફ કન્વીચન્સ વાદી ના લાભા માં છે ?

(૪) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદાઓના મારા જવાબ નીચે મુજબ છે.

(૧) **અશત: હકાર માં..**

(૨) **અશત: હકાર માં..**

**(૩) અશત: હકાર માં...**

**(૪) આખરી હુકમ મુજબ...**

**<u>-:: કારણો ::-</u>**

ઉપરોકત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોઇ અને વારંવાર ચર્ચા નું પુનરાર્વતન ન થાય તે હેતુ થી તમામ મુદ્દાઓની એકસાથે ચર્ચા કરવામાં આવેલી છે.

**(૭)** વાદીએ હાલનો દાવો વિજ્ઞાપન તથા આદેશાત્મક મનાઇહુકમ મેળવવા માટે અને નુકસાન વળતર મેળવવા માટે દાખલ કરેલો છે. વાદી ના દાવાની ટુંક માં હકીકત એવી છે કે, વાદી સંસ્થાએ એક સામાજીક સંસ્થા છે અને અમારા સિંધી સમાજના ઉત્કર્ષ માટેનુ કામ કરે છે અને શાળા, સ્કુલ તથા સમાજવાડી ચલાવવાનુ કામ કરે છે. અમો આ દાવામાં સહી કરનાર વાદી સંસ્થાના હાલના પ્રમુખ દરજજે કાર્યરત છીએ અને વાદી સંસ્થાના પ્રમુખ દરજજે સદર દાવો લાવવા અમોને દરેક રીતે હકક, અધિકાર અને સત્તા આપવામાં આવેલ છે. વાદીએ તેમની દાવા અરજી માં જણાવેલ છે કે,

> ગુજરાત રાજયના ગીર-સોમનાથ (જુના જુનાગઢ ) જિલ્લાના વેરાવળ તાલુકાના વેરાવળ શહેરમાં આવેલ રે. સર્વે નં. ૧૫૩૭ વાળી વિશાળ જમીનમાંથી ૨૫૨૭-૭૦ ચો.વાર. ખુલ્લી જમીન સીધી સ્કુલ બનાવવા માટે **<u>અમો વાદી સંસ્થાને સરકારશ્રી તરફથી માલીકી દરજજે આપવામાં આવેલ</u>** અને તે અંગેની વેરાવળના ગામ નમુના નં. ૬ - હકકપત્રકમાં નોંધ નં.૧૭૫૯, તા. ૫-૭-૧૯૬૨ થી થયેલ છે. સદર જગ્યામાં અમો વાદી સંસ્થા તરફથી સિંધી સ્કુલ ચલાવવામાં આવતી હતી.

આમ વાદીએ તેમની દાવા અરજી માં મોજે વેરાવળ તાલુકા વેરાવળ માં આવેલ રેવન્યુ સર્વે નંબર ૧૫૩૭ વાળી જમીન માંથી ૨૫૨૭.૭૭ ચોરસ વાર ખુલ્લી જમીન સિંધી સ્કૂલ બનાવવા માટે વાદી સંસ્થાને સરકારશ્રી તરફથી માલિકી દરજ્જે આપવામાં આવેલી અને તેની નોંધ ગામના નમુના હક પત્રકમાં નોંધ નંબર ૧૭૫૯ થી તા. ૫-૭-૧૯૬૨ થી દાખલ થયેલી તેવી જે હકીકત જણાવેલ છે પરંતુ વાદી એ રજુ કરેલ ફેરફાર નોંધ નંબર ૧૭૫૯ વંચાણે લેવામાં આવે તો તેમાં એવી નોંધ

કરેલી છે કે, **<u>ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ જુનાગઢ સિંધી સ્કૂલ માટે ગુજરાત સરકારના હુકમ થતા ફ્રી વેલ્યુથી આપવા માટેની નોંધ કરવામાં આવેલી છે.</u>** આમ ફેરફાર નોંધ નંબર ૧૭૫૯ માં કોઈ જગ્યાએ વાદી સંસ્થા **શ્રી જનરલ સિંધી પંચાયત વેરાવળ** ને સરકારશ્રી દ્વારા તેમના નામજોગ જગ્યા ફાળવવામાં આવેલી હોય એવી કોઈ હકીકત કે નોંધ રેકોર્ડ ઉપર જણાઈ આવેલી નથી. વધુમાં સિંધી શાળા વાદી સંસ્થા ધ્વારા ચલાવામાં આવી રહેલી હોઇ તો તે અંગે નો કોઈ દસ્તાવેજ પુરાવો રજુ કરેલો નથી.

વાદીએ તેમની દાવા અરજીના પેરા– ૨ માં જણાવેલ છે કે, સદરહુ મિલ્કત માં અમો વાદી સંસ્થા –સિન્ધી જનરલ પંચાયત –વેરાવળ સંચાલીત સ્કુલ – સ્વામી શાંતી પ્રકાશ સીધી હાઇસ્કુલ વેરાવળ નામથી પણ શાળા ચાલતી હતી અને તે અંગેની ગુજરાત માધ્યામિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર માં નોધંણી કરાવેલી છે. તેવુ જણાવેલ છે તે અંગે વાદીએ રજુ કરેલ નિશાની ૩/૭ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજૂ કરવામાં આવેલ છે તે વંચાણે લેવામાં આવે તો તે નોંધણીનું પ્રમાણપત્ર માં **સ્વામી લીલા શાહ એજ્યુકેશન ટ્રસ્ટ** ના નામનું પ્રમાણપત્ર આપવામાં આવેલ છે અને તેના દ્વારા સંચાલિત સ્વામી શાંતિ પ્રકાશ સિંધી વેરાવળને સિંધી માધ્યમિક શાળા તરીકે નોંધણી કરવામાં આવેલી છે પરંતુ આ પ્રમાણપત્રમાં કોઈ જગ્યાએ વાદી સંસ્થાનું નામ જણાવેલુ નથી કે વાદી સંસ્થા દ્વારા સ્વામી શાંતિ પ્રકાશ સિંધી શાળા ચાલી રહેલી હોય તેઓ પણ કોઈ ઉલ્લેખ તેમા કરવામાં આવેલો નથી.

વધુમાં વાદીએ આ દાવાના કામે સ્વામી લીલાશાહ એજ્યુકેશન ટ્રસ્ટ ને પક્ષકાર બનાવેલા નથી અને તે કોણ છે અથવા તો તે ટ્સ્ટં નું સંચાલન હાલ કોણ કરે છે તે અંગે કોઇ ખુલાસો તેમની દાવા અરજી માં કરેલો નથી જેથી સદર સીધી શાળા નું પ્રમાણપત્ર ગુજરાત માધ્યામિક બોર્ડ ધ્વારા સ્વામી લીલાશાહ એજ્યુકેશન ટ્રસ્ટ ને આપવામાં આવેલુ હોઇ ત્યારે વાદી સંસ્થા દ્વારા સદર ટ્રસ્ટ ચલાવવામાં આવતું હોય તેઓ પણ કોઈ પુરાવો રજૂ થયેલો ન હોઇ ત્યારે સ્વામી શાંતિ પ્રકાશ સિંધી શાળા હાલના હાલની વાદી સંસ્થા દ્વારા ચલાવવામાં આવતી હોય તેવું પ્રથમર્દશ્નીય રીતે ફલિત થતું નથી.

(૮) વધુમાં વાદી ધ્વારા રજુ કરવામાં આવેલ નિશાની ૩/૭ થી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા આપવામાં આવેલ પત્ર રજૂ કરવામાં આવેલ છે તે વંચાણે લેવામાં આવે તો તે **શ્રી જેઠાનંદ હિતચંદ ક્રિષ્નાની પ્રમુખ શ્રી સ્વામી લીલાશાહ એજ્યુકેશન ટ્રસ્ટ વેરાવળ** ને ઉદ્દેશીને પત્ર લખવામાં આવેલ છે અને શાળાનું નામ સ્વામી શાંતિ પ્રકાશ સિંધી હાઈસ્કુલ જણાવેલ છે આમ વર્ષ ૧૯૮૪ માં પણ જે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી સિંધી હાઈસ્કુલ ચલાવવા માટે જે પરવાનગી આપવામાં આવેલી છે તે **શ્રી જેઠાનંદ હિતચંદ ક્રિષ્નાની, સ્વામી લીલા શાહ એજ્યુકેશન ટ્રસ્ટ** ને આપવામાં આવેલી છે. તે સંજોગોમાં વાદીએ આ કામે નિશાની ૩/૧૫ થી એક નગરપાલિકા દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી ને લખેલ પત્ર રજૂ કરેલ છે જે પત્રમાં સિંધી જનરલ પંચાયત ના આગેવાનો દ્વારા રૂબરૂમાં જણાવેલ કે આ બિલ્ડીંગ તેમની માલિકીનું છે જેથી આ જગ્યા તેમની માલિકીના આધારો મેળવવા જણાવેલ છે પરંતુ અરજદારો દ્વારા સીંધી શાળા તેમની માલિકીની હોવા બાબતે નો કોઈ આધાર રજૂ કરવામાં આવેલ નથી તેવો ઉલ્લેખ કરેલો છે. તે સંજોગોમાં હાલની વાદી સંસ્થા દાવાવાળી કહેવાતી સિંધી સ્કૂલ ના સંચાલક હોય કે શાળાની કુલ ૨૫૨૭.૭૭ ચો.મી વાર જમીન સરકાર શ્રી દ્વારા વાદી સંસ્થાને ફાળવવામાં આવેલી અને તેવો કોઈ પ્રથમદર્શનીય કેસ વાદી બતાવી શકેલા નથી.

(૯) વાદી સંસ્થા ધ્વારા સિંધી શાળાની બાજુમાં આવેલ ખુલ્લી જમીન જેનું ક્ષેત્રફળ ૮૪૬.૧૭ ચોરસ મીટર છે તે જમીન વાદી સંસ્થાએ વેરાવળ–પાટણ સંયુક્ત નગરપાલિકા પાસેથી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નંબર ૧૯૨૬ થી તારીખ ૧૪–૮–૧૯૮૦ ના રોજ વેચાણ રાખેલ છે સદર જગ્યા ઉપર નગરપાલિકામાંથી મંજૂરી મેળવી બાંધકામ કરવામાં આવેલું છે જેનો નકશો આ કામે નિશાની ૩/૬ થી વાદીએ રજુ કરેલ છે અને તેમાં ક્ષેત્રફળ જોવામાં આવે તો પણ તે ૮૪૬.૧૭ નું બતાવે છે વધુમાં અરજદારે જે બાંધકામ કરવા માટેની પરવાનગી લીધેલી છે તે નિશાની ૩/૮ થી રજૂ કરવામાં આવેલ છે અને તેમાં પણ એવી હકીકત જણાવેલી છે કે અરજદારને પોતાની જમીનમાં રજૂ કરેલ નકશા મુજબ બાંધકામ કરવા મંજૂરી આપવામાં આવેલી છે આમ આ મંજૂરી સિંધી જનરલ પંચાયત ને તેઓએ

રજી.વેચાણ દસ્તાવેજ થી ખરીદ કરેલ ૮૪૬.૧૭ ચે.મી વાળી જમીન માં બાંધકામ કરવા માટે મંજુરી આપવમાં આવેલી છે નહી કે કહેવાતી સીંધી શાળા ના ૨૫૨૭.૭૭ ચે.મી માં બાંધકામ કરવા માટે ની પરવાનગી વાદી સંસ્થા ને આપવામાં આવેલી છે તેવુ પ્રથમર્દશનીય રીતે માનવાને રહે છે. વધુમાં વાદી દ્વારા શાળા નો પ્લાન રજૂ કરવામાં આવેલ છે અને તે પણ જોવામાં આવે તો તેમાં કુલ ક્ષેત્રફળ ૮૪૬.૧૭ નું જણાવેલ છે અને સાઇટ પ્લાન જોવામાં આવે તો તેમાં સિંધી શાળા અલગ અને શાંતિ પ્રકાશ સિંધી હાઈસ્કૂલ બિલ્ડીંગ ની જગ્યા બન્ને પ્લાનમાં અલગ- અલગ બતાવવામાં આવેલી છે. સદર દાવાના કામે કોર્ટ કમિશનર શ્રી દ્વારા પંચરોજ કામ કરવામાં આવેલ છે જે આ કામે નિશાની ૭/૨ થી રજૂ કરવામાં આવેલ છે જેમાં નકશો પણ રજૂ કરવામાં આવેલ છે તે જોતા સ્થળ પર તાજેતરમાં ડિમોલિશન કરેલું હોય તેવું જણાય આવે છે.

**(૧૦)**આમ ઉપરોક્ત ચર્ચા કરી તે મુજબ સિંધી શાળા તરીકે ઓળખાતી શાળા કે જેનું ક્ષેત્રફળ ૨૫૨૭.૭૭ ચોરસ મીટર છે તે હાલની વાદી સંસ્થાની છે કે કેમ ? તે અંગેનો પુરાવો લીધા સ્વિાય ન્યાયનિર્ણત થઇ શકે નહી. જેથી વાદીએ જે દાવા અરજી માં માંગણી કરેલી છે તે મુજબ

**(એ)** ગુજરાત રાજયના ગીર-સોમનાથ જિલ્લાના (જુના જુનાગઢ જિલ્લાના) વેરાવળ શહેરમાં આવેલ રે. સર્વે નં. ૧૫૩૭ પૈકી ૨૫૨૭-૭૦ ચો.વાર. વાળી મિલ્કત તથા તે મિલ્કતની ઉતર તથા પશ્ચિમ બાજુ આવેલ ૮૪૬.૧૭ ચો.મી. વાળી મિલ્કત, એમ મળી દાવા અરજી પારા-૩ માં જણાવેલ હદદીશા વાળી સમગ્ર મિલ્કત અમો વાદી સંસ્થાના કબજા, ભોગવટા અને માલીકીની આવેલ હોવાથી પ્રતિવાદીઓને તેમાં દખલગીરી કરવા કે વાદી સંસ્થાનો કબજો છોડાવવા કોઈ હકક, અધિકાર નથી તેવુ ઠરાવી આપવા, તેમજ,

**(બી)** આ કામના પ્રતિ. ઓએ અનઅધિકૃત રીતે દાવાવાળી મિલ્કતમાં પ્રવેશ કરી મિલ્કતને ડીમોલીશ કરેલ હોય તે મિલ્કતના અમો વાદી સંસ્થાના પ્રત્યક્ષ કબજામાં પ્રતિવાદીઓ જાતે કે તેના કોઈપણ

કર્મચારી, માણસો, એજન્ટો કે મુખત્યારો કે કોન્ટ્રાકટરો કોઈ દખલગીરી કરે – કરાવે નહી તેવો આજ્ઞાત્મક હુકમ ફરમાવવા,

વાદીએ ઉપરોકત દાદ ની માંગણી કરેલી છે પરંતુ ઉપર ચચા કરી તે મુજબ વાદી સંસ્થા ધ્વારા સિંધી શાળા ચલાવવા માં આવતી હોઇ કે તેનું સંચાલન કરવામાં આવતું હોય અથવા તો સ્વામી શાંતિ પ્રકાશ સિંધી હાઈસ્કૂલ ને વાદી સંસ્થા દ્વારા ચલાવવામાં આવતી હોય કે સિંધી જનરલ પંચાયત દ્વારા સ્વામી લીલાશાહ એજ્યુકેશન ટ્રસ્ટ ચલાવવામાં આવેલુ હોય તેવો કોઇ પ્રથમદશનીય બતાવી શકેલા ન હોઇ ત્યારે વાદી નો પ્રથમર્દશનીય કેસ જણાતો નથી.

**(૧૧)**વાદી સંસ્થાએ સિંધી શાળાની બાજુમાં આવેલ ખુલ્લી જમીન રજીસ્ટ્રેશન નંબર ૧૯૨૬ થી વર્ષ ૧૯૮૦ માં ખરીદ કરેલ છે જે તેઓને શૈક્ષણિક હેતુ માટે આપવામાં આવેલી છે આમ વાદી તેમની દાવા અરજીમાં જે દાદની માંગણી કરેલી છે તે જોવામાં આવે તો વાદીએ તેમની માલિકીની દાવાવાળી મિલકતનો ઉપયોગ કરતા અટકાવે નહીં તે માટેનો મનાઇ હુકમ માંગેલો છે અને રૂપિયા ૨૫ લાખનું જે નુકસાન થયેલું છે તે નુકસાન વળતર મેળવવા ની દાદીની માંગણી કરેલી છે પરંતુ ઉપરોક્ત ચર્ચા કરી તે મુજબ વાદી સંસ્થા ધ્વારા સિંધીશાળા નું સંચાલન કરવાં આવે છે કે, કે કેમ અને સ્વામી શાંતિ પ્રકાશ શાળા એ સીંધી શાળા ના નામે ઓળખાય છે કે કેમ ? તે અંગે પક્ષકારોનું પુરાવો લેવો જરૂરી છે પુરાવો લીધા સિવાય તેનો નિર્ણય થઈ શકે નહી. જેથી વાદી ૨૫૨૭.૭૭ ચોરસ મીટર વાળી જમીન ઉપર પોતાનો કાયદેસરનો હક અધિકાર હોવાનું બતાવી શકેલા ન હોય પરંતુ ૮૪૬.૧૭ ચો.મી. વાળી જમીન વાદીએ રજી. વેચાણ દસ્તાવેજ થી ખરીદ કરેલ હોઇ તેટલા પુરતો વાદી નો પ્રથમર્દશ્નીય રીતે હકક અધિકાર હોવાનું ફલીત થાય છે.

**(૧૨)**વાદી દ્વારા રજુ કરવામાં આવેલ નિશાની ૩૧/૪ થી સ્વામી શાંતિ પ્રકાશ નું લાઈટ બિલ રજૂ કરેલ છે તે લાઈટ બિલ માં પણ વાદી સંસ્થાના નામનો કોઈ ઉલલેખ નથી. આ કામના પ્રતિવાદી નંબર ૨ થી ૫ દ્વારા આંક ૩૨ થી દસ્તાજી પુરાવા રજૂ કરવામાં આવેલા છે અને તે વંચાણ લેવામાં આવે તો તે ૧૯૬૨ નો સિંધી શાળા માટે જિલ્લા શાળા મંડળ તરફથી જમીનની માંગણી થતા કુલ ૨૫૨૭.૭૭ ચોરસ

મીટર વાર જમીન જિલ્લા શાળા મંડળને ફ્રી વેલ્યુથી આપવાનો હુકમ રજૂ કર્યો છે. તે વંચાણે લેવામાં આવે તો, ગુજરાત સરકારના રેવન્યુ અને એગ્રીકલ્ચર ડીપાર્ટમેન્ટ તરફથી આ જમીન ડીસ્ટ્રીકટ સ્કુલ બોર્ડ ને આપવામાં આવેલ છે. આમ જમીન સરકારશ્રીની માલીકીની હોવાનું પ્રથમર્દશનીચ રીતે જણાઈ આવે છે જેથી જ સદર જમીન જિલ્લા સ્કુલ બોર્ડને કોઈપણ જાતના પ્રિમીયમ વગર આપવામાં આવેલ છે. વધુમાં નિશાની ૩૨/૩ થી ગુજરાત સરકાર દ્વારા સદર શાળાના ફાળવવામાં આવેલ જગ્યા શરતોને આધીન આપવામાં આવેલી છે જે જમીન ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ જુનાગઢ ના કબજા માં રહેશે અને કલેકટર શ્રી ની પરવાનગી સિવાય કોઈપણ જાતનો તેમાં ફેરફાર કરવામાં આવશે નહીં તેવી શરત કરવામાં આવેલી છે. આમ જિલ્લા સ્કુલ બોર્ડ ઓફ જુનાગઢને ફાળવવામાં આવેલ સર્વે નં. ૧૫૩૭ પૈકી૧ પૈકી૧ માંથી ૨૫૨૭.૭૭ ચો.વાર જગ્યા ફ્રી રેવન્યુ વેલ્યુ તરીકે ફાળવેલ હોય આ જગ્યામાં સરકારશ્રીની માન્યતા પ્રાપ્ત કોઈપણ શૈક્ષણિક સંસ્થા અભ્યાસની પ્રવૃતિ કરાવા માં આવેલી અને પ્રતિવાદી નં. ૨ થી ૫ના જણાવ્યા મુજબ ૨૦૦૨ માં કૃષ્ણનગર પ્રાથમિક શાળા તરીકે સરકારી શાળા ચાલુ કરાવામાં આવેલ છે. આ શાળામાં સરકારશ્રી દ્વારા ભરતી કરાયેલ શિક્ષકો ફરજ બજાવે છે અને તેમની સવિસ બુક તથા હાજરી પત્રક પણ રજુ કરવામાં આવેલ છે તે જોતા સદર શાળા આ જગ્યા પર કાર્યરત હોવાને પ્રથમર્દશનીચ રીતે અન્ય કોઇ વિરુધ્ધ નો પુરાવો આવેલ ન હોઈ ત્યાં સુધી માનવાને રહે છે. જેથી સરકારશ્રીએ ૨૫૨૭.૭૭ ચો.મી વાળી વિવાદવાળી જમીન ડીસ્ટ્રીકટ સ્કુલ બોર્ડ– જુનાગઢને સોંપેલ હોવાનું પ્રથમર્દશનીચ રીતે ફલીત થાય છે. તે સંજોગોમાં વાદી સંસ્થાએ રજી. વેચાણ દસ્તાવેજ થી ખરીદ કરેલી જમીન બાબતે પણ મનાઈ હુકમ ની માંગણી કરેલી હોઈ ત્યારે તે ૮૪૬.૧૭ ચો.મી વાળિ જમીન સરકારી જમીન હોવા બાબતે કોઇ પ્રથમર્દશનીચ પુરાવો ન હોઈ જેથી તે વાદી સંસ્થાની જમીન માં તેમના મિલ્કત પરત્વે ના રહેલા સીવીલ હકક અધિકારો ને નુકશાન થાય તો તેવા સીવીલ હકક અધિકાર નું રક્ષણ થવુ જરૂરી છે અને આ કામના વાદીએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવો જોતા ડીમોલીશન ની કાર્યવાહી કરવામાં આવેલ હોઈ ત્યારે વાદી ની મિલ્કત ને કાયદાકીય કાર્યવાહી કર્યા સ્વિાય ડીમોલીશન કરવામાં આવે તો, વાદી ના સીવીલ હકક અધિકારો માર્યા જાય જેથી

વાદીને તેમની જમીન પુરતો મનાઇ હુકમ આપવામાં આવે તો, ન્યાય નો હેતુ સચવાય રહે અને મલ્ટીપ્લીકેશન ઓફ પ્રોસીડીગ્સ પણ અટકે તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદી સંસ્થાએ રજી.વેચાણ દસ્તાવેજ થી ખરીદ કરેલી ૮૪૬.૧૭ ચો.મી વાળી જમીન પુરતુ વાદી ના લાભ માં હોઇ જેથી સમન્યાય ની દાદ વાદી ને અશત: મળવાપાત્ર રહેતી હોઇ જેથી ઉપરોકત ચર્ચા કરી તે મુજબ મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ અશત: હકાર મા આપવામાં આવે છે અને મુદ્દા નં. ૪ નો જવાબ નીચે મુજબ નો આખરી હુકમ મુજબ આપવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

**(૧)** વાદીની **આંક ૫ ની અરજી અશત: મંજુર** કરવામાં આવે છે.

**(૨)** વાદી સંસ્થા ની માલીકી ની **સિંધી સ્કુલ ની મિલ્કતની ઉતર તથા પશ્ચિમ દિશાએ આવેલ ૮૪૬–૧૭ ચો.મી વાળી ખુલ્લી જમીન માં** વાદી સંસ્થાના કોઈપણ કર્મચારી, માણસો, એજન્ટો કે મુખત્યારો કે કોન્ટ્રાકટરો ને પ્રવેશ કરતા પ્રતિવાદીઓએ દખલગીરી કરવી નહી કે તેનો કબજો છોડાવવા માટેનું કોઇ જાતનું કોઇ કૃત્ય કરવુ કરાવવુ નહી તેવો વાદી સંસ્થા ની તરફેણ માં અને પ્રતિવાદીઓની વિરુધ્ધ માં દાવાનો આખર નિર્ણય ન આવે ત્યાં સુધી કામચાલઉ મનાઇ હુકમ ફરમાવવા માં આવે છે.

(૩) વેરાવળ તાલુકાના વેરાવળ શહેરમાં આવેલ રે. સર્વે નં. ૧૫૩૭ વાળી જમીન માંથી ૨૫૨૭–૭૦ ચો.વાર. ખુલ્લી જમીન અંગે કોઇ મનાઇ હુકમ ફરમાવવામાં આવતો નથી.

**(૪)** ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

**હુકમ આજરોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.**

સ્થળ : વેરાવળ
તા.૨૯/૦૭/૨૦૨૫

**(જીતેન્દ્રસિંહ અભેસિંહ રાણા)**
ત્રીજા એડીશ્નલ સીનીયર સીવીલ જજ,
મુ. વેરાવળ જી. ગીર સોમનાથ